For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

રાજકીય પક્ષો વચ્ચે કટ્ટર હરીફાઈ નથી, પરંતુ ચૂંટણીમાં સુરક્ષા મુદ્દો કેન્દ્ર સ્થાને રહેશે

# સુરતમાં 43.6 ટકા મથકો સંવેદનશીલ

**2609માંથી** 1137 સંવેદનશીલ, પાટીદાર પ્રભાવિત 603 મતદાન મથકમાં 50 ટકા હાઈ રિસ્ક

**કોટ** વિસ્તારમાં સ્થિતિ વધુ ચિંતાજનક, 306માંથી 196 સંવેદનશીલ

**અડાજણ**-ગોરાટ વિસ્તારમાં પણ સંવેદનશીલ મતદાન મથકોની નોંધપાત્ર સંખ્યા

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને લઈને તંત્ર દ્વારા વ્યાપક આયોજન હાથ ધરાયું છે. શહેરના કુલ 30 વોર્ડમાં 946 સ્થળે 2609 મતદાન મથક ગોઠવાયા છે, જેમાંથી 1137 મથક સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. આ પ્રમાણે શહેરમાં આશરે 43.6 ટકા મતદાન મથકો સંવેદનશીલ છે, જે કાયદો-વ્યવસ્થા જાળવવા માટે તંત્ર માટે મોટો પડકાર ઊભો કરે છે.

અમરોલી, મોટાવરાછા, કતારગામ, કાપોદ્રા, ફુલપાડા અને વેડ જેવા પાટીદાર પ્રભાવ ધરાવતા વિસ્તારોમાં કુલ 603 મતદાન મથકો ગોઠવાયા છે. તેમાંથી 306 મથકો સંવેદનશીલ જાહેર થયા છે. એટલે કે આ વિસ્તારોમાં આશરે 50 ટકા મતદાન મથકો સંવેદનશીલ છે, જે દર્શાવે છે કે અહીં ચૂંટણી દરમિયાન તંગદિલી અથવા સ્પર્ધા વધુ રહેવાની શક્યતા છે. શહેરના કોટ વિસ્તારમાં સ્થિતિ વધુ ચિંતાજનક જોવા મળે છે. અહીં કુલ 306 મતદાન મથક પૈકી 196 મથક સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. એટલે કે કોટ વિસ્તારમાં આશરે 64 ટકા મથકો સંવેદનશીલ છે, જે શહેરમાં સૌથી ઊંચું પ્રમાણ ગણાય છે. આથી અહીં સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક રાખવાની જરૂર રહેશે. અડાજણ-ગોરાટ વિસ્તારમાં કુલ 88 મતદાન મથકો છે, જેમાંથી

...અનુસંધાન પાના 9 પર

### વોર્ડ-10માં માત્ર 1 જ સંવેદનશીલ વોર્ડ

વોર્ડ નં. 10 (અડાજણ-પાલ-ઇચ્છાપોર)માં માત્ર 1 જ સંવેદનશીલ મથક નોંધાયો છે, જે શહેરમાં સૌથી ઓછો છે. તે સિવાય વોર્ડ નં. 21 અને 22માં માત્ર 8-8 મથકો સંવેદનશીલ તરીકે ઓળખાયા છે, જે તુલનાત્મક રીતે શાંતિપૂર્ણ વિસ્તારો ગણાય છે.

### સૌથી વધુ અને સૌથી ઓછાં મતદાન મથકો ધરાવતા વોર્ડ

મતદાન મથકોના વિતરણ પર નજર કરીએ તો વોર્ડ નં. 2 (અમરોલી-મોટા વરાછા-કતાર)માં સૌથી વધુ 161 મથકો ગોઠવાયા છે. આ વિસ્તારની વધુ વસ્તી અને વિસ્તૃત ભૌગોલિક ફેલાવટને કારણે અહીં વધુ મથકો જરૂરી બન્યા છે. તે બાદ વોર્ડ નં. 3માં 144 અને વોર્ડ નં. 10માં 113 મથકો નોંધાયા છે. વોર્ડ નં. 15 (કતર્જ-મગોબ)માં માત્ર 49 મતદાન મથકો છે, જે શહેરમાં સૌથી ઓછા છે. તે સિવાય વોર્ડ નં. 23માં 55 અને વોર્ડ નં. 4માં 60 મથકો છે, જે ઓછા ગણાય છે.

### 946 સ્થળે મતદાન વ્યવસ્થા, 311 સ્થળે એક જ મથક

ચૂંટણી માટે શહેરમાં કુલ 946 મતદાન સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. તેમાંથી 311 સ્થળ એવા છે, જ્યાં માત્ર એક જ મતદાન મથક રહેશે. બાકી સ્થળોએ એકથી વધુ મથકો ગોઠવાયા છે, જે વસ્તી અને વિસ્તારને આધારે નક્કી કરવામાં આવ્યા છે.

### સંવેદનશીલ મથકોમાં વોર્ડ નં. 2 આગળ

સંવેદનશીલ મતદાન મથકોના મામલે વોર્ડ નં. 2 ફરીથી ટોચ પર છે, જ્યાં 109 મથક સંવેદનશીલ જાહેર થયા છે. તે બાદ વોર્ડ નં. 13માં 72, તેમજ વોર્ડ નં. 7 અને 8માં 60-60 સંવેદનશીલ મથકો છે.




વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો

સુરત પાલિકા તંત્ર જાણે ભાજપની 'બી ટીમ' બની ગઈ

# શહેરમાં તાબડતોબ ડબલ ડેકર બસ દોડાવી મતદારોને આંજવાનો પ્રયાસ

**ભાજપે** ચૂંટણી પૂર્વે જ જાહેર કરેલી પણ તંત્રએ આચારસંહિતા વચ્ચે એક જ માસમાં બસનો ટ્રાયલ શરૂ કરી દીધો

**નિયત** ડુમસ રોડને બદલે ભાજપ માટે કપરા કામરેજ - કતારગામમાં ટ્રાયલ લેવાતાં લોકોના મતે ચૂંટણી તિકડમ

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચુંટણીના આડે હવે ગણતરીના દિવસો બાકી છે. પરંતુ ભાજપના શાસકો સામે ઉભી થયેલી વિરોધની લહેરને શાંત પાડવા અને મતદારોને 'લોલીપોપ' પકડાવવા જાણે સુરત મનપા વહીવટી તંત્ર પોતે જ જાણે ભાજપની 'બી ટીમ' હોય તેમ તાબડતોબ કામે લાગી ગયું હોય તેવી પ્રતિતી થઈ રહી છે. હાલમાં જ ખુલ્લા મુકાયેલા ડુમસ સી-ફેસ પ્રોજેક્ટના લોકાર્પણ, અને આચારસંહિતા લાગુ હોવા છતા વર્ષોથી સુષુપ્ત અથવા ગોકળ ગાય ગતિએ ચાલતા પ્રકલ્પોમાં એકાએક ધ્યાને ચડી ગયા હોય તેમ તાબડતોબ મેટ્રોની ટ્રાયલ કરી, ખાડી સફાઇ કરવાનું શરૂ કર્યા બાદ હવે જાણે મતદારોને ગત ટર્મના શાસકો તરફ રીઝવવાનો નવો દાવ હોય તેમ ચૂંટણીનાં માંડ 100 કલાક પૂર્વે એકાએક ડબલ

...અનુસંધાન પાના 9 પર

## જે દોડવાની જ નથી તે બસની અને જ્યાં દોડાવાની જ નથી તે રૂટ પર ટ્રાયલના આશય સામે પ્રશ્ન

આજે શહેરમાં ડબલ ડેકર બસની ટ્રાયલ જાણે ભાજપ શાસકોના ઇશારે અને માત્ર ચુંટણીમાં લાભ ખાટવાના આશાયથી શરૂ કરાઇ હોવાની પ્રતિતિ થઇ રહી છે. જાણે ભાજપનો હાથો બની ગયેલા હોય તેમ મનપાના તંત્ર દ્વારા ચૂંટણીની આચારસંહિતા વચ્ચે ડબલ ડેકર બસની ટ્રાયલ ચાલુ કરી તે બસ તો શહેરમાં દોડવાની જ નથી! આ બસ તો GSRTC (એસ.ટી. તંત્ર) પાસેથી ખાસ માત્ર દેખાડો કરવા મંગાવાઇ હોય તેવું લાગે છે. સિટી બસ તરીકે દોડાવવામાં આવનાર છે તે ડબલ ડેકર એસી બસ તો હજુ મનપા તંત્ર મેળવી પણ શક્યું નથી. વધુ કે ડબલ ડેકર બસ હાલ તો માત્ર સુરત ડુમસ રોડ પર દોડાવવા માટેની જ યોજના હતી પરંતુ હાલ જયા આ બસ દોડાવવાની હાલ કોઈ યોજના પણ નહોતી અને જ્યાં ભાજપની

...અનુસંધાન પાના 9 પર

# ભીમરાડનો બિરેન પટેલ KKRનો નેટ બોલર બન્યો

**સાર્વજનિક** યુનિ. વતી રમતો 23 વર્ષિય બિરેન પટેલ સારો લેફ્ટ આર્મ લેગ સ્પિનર છે




સુરત : ચોર્યાસી તાલુકા કાઠા વિસ્તારના ભીમરાડ ગામના વતની અને સાર્વજનિક યુનિવર્સિટી વતી રમત બિરેન જયેશભાઈ પટેલની પસંદગી કોલકતા નાઈટ રાઈડર્સ ટીમના પેક્ટિસ બોલર (નેટ બોલર) તરીકે થઈ છે.

બિરેન જયેશભાઈ પટેલ આઈપીએલની આ સીઝનમાં KKR માટે 15 દિવસ નેટ બોલર તરીકે કાર્ય કરી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાગ લેવા આજે સુરત પરત ફર્યો છે. એ પછી એ પરત ટીમના પ્રેક્ટિસ સેશનમાં પરત ફરશે. સીએ. મયંક દેસાઈએ જણાવ્યું હતું કે, બિરેન પટેલ હાલ સુરતની સાર્વજનિક યુનિવર્સિટીની ટીમમાં છેલ્લા બે વર્ષથી રમે છે. તે લેફ્ટ આર્મ લેગ સ્પિનર તરીકે સારો આશાસ્પદ બોલર છે. તે ડિસ્ટ્રિક્ટ લેવલે અંડર 19 રમી ચૂક્યો છે. 23 વર્ષિય આ બોલરને અભિનેતા શાહરૂખ ખાનની કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમ દ્વારા નેટ બોલર તરીકે પસંદગી કરવામાં આવી છે. તે હાલ પણ ડિસ્ટ્રીક્ટ લેવલ ક્રિકેટ રમે છે. બિરેન પટેલની કોલકતા નાઈટ રાઈડર્સ ટીમમા પસંદગી થવા માટે દક્ષિણ ગુજરાત કોળી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના અગ્રણી ઉમેશ પટેલ તથા અન્યોએ અભિનંદન પાઠવી શુભેચ્છાઓ પાઠવી છે.

સુરત મનપા ચૂંટણીમાં મતદાર યાદી વિસંગતતા મતદારોમાં રોષનું કારણ બનશે

# તંત્રની ખામીથી 17000 મતદાન નહીં કરી શકે તેવી સંભાવના

**ફેબ્રુઆરીની** યાદીને આધારે ચૂંટણી, નવી નોંધણી કરાવનાર નાગરિકોમાં અસંતોષ અને ગૂંચવણ

### પ્રથમ વખત મતદાન કરનાર યુવાનોમાં નિરાશા

ખાસ કરીને પ્રથમ વખત મતદાન કરવા ઉત્સુક યુવા મતદારોમાં આ નિર્ણયને લઈને ભારે નિરાશા જોવા મળી રહી છે. 18 વર્ષ પૂર્ણ કર્યા બાદ નોંધણી કરાવનાર ઘણા યુવાનો આ વખતે મતદાન કરી શકશે નહીં. ચૂંટણી તંત્રે નાગરિકોને અપીલ કરી છે કે જેમને મતદાન સ્લિપ મળી નથી તેઓ વહેલી તકે મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી લે, જેથી મતદાનના દિવસે અનાવશ્યક મુશ્કેલી ટાળી શકાય.

સુરતઃ સુરત મહાનગરપાલિકાની 26 એપ્રિલે યોજાનારી ચૂંટણી પહેલા મતદાર યાદીમાં ગૂંચવણ અને ડેટા વિસંગતતાનો મુદ્દો સામે આવ્યો છે, જેના કારણે હજારો નાગરિકો મતદાનથી વંચિત રહેવાની શક્યતા ઊભી થઈ છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા 17 ફેબ્રુઆરીની મતદાર યાદીને અંતિમ માન્ય રાખવાના નિર્ણયથી, તે પછી નોંધાયેલા મતદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

માહિતી મુજબ, 17 ફેબ્રુઆરી બાદ જેમણે પોતાના નામ નોંધાવ્યા કે સુધારા કરાવ્યા છે, તેમના નામ વિધાનસભાની યાદીમાં તો દેખાઈ રહ્યા છે, પરંતુ પાલિકાની વોર્ડવાઈઝ યાદીમાં ગાયબ છે. આ ડેટા મેપિંગમાં થયેલી ખામીને કારણે અંદાજે 17 હજાર જેટલા મતદારો મતાધિકાર ગુમાવી શકે છે. ચૂંટણી તંત્ર દ્વારા વિધાનસભાની યાદીને આધારે વોર્ડવાઈઝ યાદી તૈયાર કરવામાં આવી હતી, પરંતુ સ્પેશિયલ રિવિઝન દરમિયાન થયેલા ફેરફારોનો યોગ્ય સમાવેશ ન થતાં આ સમસ્યા ઊભી થઈ છે. પરિણામે, ઘણા મતદારો પાસે ઓળખપત્ર હોવા છતાં તેઓ મતદાન માટે પાત્ર નહીં રહે તેવી સ્થિતિ સર્જાઈ છે. આ મુદ્દે રાજકીય પક્ષો અને સામાજિક સંસ્થાઓએ વિરોધ નોંધાવ્યો છે. તેઓનું માનવું છે કે ઝડપથી વિકસતા શહેરમાં નવીનતમ યાદીનો ઉપયોગ ન કરવો મતદારો

...અનુસંધાન પાના 9 પર



■ જે બંગલામાં ખ્યાતિએ આપઘાત કર્યો તે ઉદ્યોગપતિ અશોક કેજરીવાલનો બંગલો.



■ આપઘાત કરનાર ખ્યાતિ.

હાર્મોની નામથી યાર્નની ફેક્ટરી સાથે બિલ્ડર અને ફાયનાન્સર એવા નામાંકિત

# સુરતના ઉદ્યોગપતિની પુત્રવધૂએ બીજા માસની લગ્નતિથિએ જ આપઘાત કર્યો

**આપઘાત** કરનાર પુત્રવધૂ ખ્યાતિ મૂળ મુંબઈની, બે માસ પહેલા જ લગ્ન થયાં હતાં

**ખ્યાતિના** સસરા ઉદ્યોગપતિ અશોક કેજરીવાલ મૂળ રાજસ્થાનના ફતેહપુરના વતની

**ખ્યાતિનો** પતિ અભિષેક પણ પિતા સાથે જ ધંધામાં છે, વિદેશ સુધી કામ ફેલાયેલું છે

સુરતઃ શહેરના નામાંકિત ઉદ્યોગપતિ કેજરીવાલ પરિવારની પુત્રવધૂએ લગ્નના અઢી મહિનામાં જ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મંગળવારે સાંજે રૂમમાં આરામ કરવા ગયેલી ખ્યાતિએ અચાનક આપઘાતનું પગલું ભરી લેતા ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાન ફતેહપુરના વતની અશોકકુમાર સત્યનારાયણ કેજરીવાલ હાલ ઘોડદોડ રોડ રામચોક પાસે આવેલાસુભાષનગરના 65 નંબરના બંગલામાં રહે છે. અશોકકુમાર કેજરીવાલ રાજ્યમાં

...અનુસંધાન પાના 9 પર

### ઘટના કેવી રીતે સામે આવી ?

સૂત્રોએ જણાવ્યું હતું કે, મંગળવારે સાંજે 5:30 વાગ્યાના સુમારે ખ્યાતિ જમીને બીજા માળે આવેલ રૂમમાં રોજ મુજબ આરામ કરવા ગઈ હતી. સાંજે 5-30 વાગ્યા સુધી ખ્યાતિ રૂમમાંથી બહાર નહીં આવતા ખ્યાતિની સાસુએ અભિષેકને જાણ કરી હતી. અભિષેક ત્રણ દિવસથી બીમાર હોવાથી પોતાના જ બંગલામાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ઓફિસમાં હતો. અભિષેકે પહેલા ફોન કર્યો હતો, પરંતુ

...અનુસંધાન પાના 9 પર

### ખ્યાતિના લગ્નમાં મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો મહેમાન બન્યા હતા

અઢી મહિના પહેલા જ એટલે કે, 9 અને 10 ફેબ્રુઆરીના રોજ અશોકકુમારે તેમના એકના એક પુત્ર અભિષેકના લગ્ન ડુમસ રોડ પર ખ્યાતિ સાથે કરાવ્યા હતા. લગ્નમાં રાજ્યના મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો મહેમાન બન્યા હતા.

...અનુસંધાન પાના 9 પર

### આજે ખ્યાતિ પતિ સાથે મુંબઈ ફરવા પણ જવાની હતી ?

સૂત્રોએ જણાવ્યું કે, લગ્ન બાદ હનીમૂન માટે ખ્યાતિ અને અભિષેક ટુકડે-ટુકડે અંદાજે એક મહિના સુધી વિદેશ સહિતની જગ્યાએ ફરીને આવ્યા હતા. ગુરુવારે એટલે કે આજે પણ તેઓ મુંબઈમાં પિયરપક્ષ સાથે ફરવા જવાના હતા.

### ખ્યાતિના પિતા પણ મુંબઈમાં ઉદ્યોગપતિ, સોલાર પેનલનો વ્યવસાય છે

મૃતક ખ્યાતિના પિતા દીપકભાઈ બંસલ પણ મુંબઈમાં ઉદ્યોગપતિ છે. તેમનું થાણેમાં અંદાજે સોલાર પેનલનો વ્યવસાય હોવાની વિગત જાણવા મળી હતી. તેમજ ખ્યાતિને એક ભાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

### પંચનામા સમયે મૃતક પાસેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી નથી, મોબાઈલ ચેક કરવાનો બાકી છે: પોલીસ

આ ચકચારી ઘટના અંગે સુરત પોલીસના એસીપી વિજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, મરનાર ખ્યાતિનું નવી સિવિલ હોસ્પિ.માં પેનલ ડોકટરો મારફત પીએમ કરવામાં આવ્યું છે.

...અનુસંધાન પાના 9 પર

સમર્થકો પાસે મહિલાઓ પર હુમલો કરાવનાર, કપડાં ફાડી નાંખનાર

# ભાજપના માથાભારે ઉમેદવાર હર્ષ સામે મહિલા આયોગમાં ફરિયાદ

**મંગળવારે** ગોરાટમાં પ્રચાર દરમિયાન માથાભારે હર્ષ મહેતા અને તેના સમર્થકો દ્વારા મહિલાઓને ધક્કામુક્કી કરી કપડાં ફાડી નાંખવામાં આવ્યાં હતા

**હર્ષ** મહેતા અને તેના સમર્થકોની દાદાગીરી સામે મહિલાઓએ મહિલ સુરક્ષા વિભાગમાં આવેદન આપ્યું



### કોઈપણ સંજોગોમાં અમને લુખ્ખાગીરી કરનાર હર્ષ મહેતા જોઈએ નહીં: મહિલાઓ

ગોરાટમાં ગતરોજ બનેલી ઝપાઝપીની ઘટનામાં મારનો ભોગ બનેલી મહિલાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે આ લોકો જબરજસ્તી અમારી સોસાયટીમાં ચૂંટણી પ્રચાર માટે આવ્યા હતા. અમે લોકોએ ના પાડી તો એ લોકોએ ગાળા-ગાળી અને મારામારી શરુ કરી હતી. એ લોકોનું ગાર્ડન ગ્રુપ છે અને ગાર્ડન ગ્રુપના છોકરાઓ ગેટ તોડીને કહે છે કે કપડાં ઉતારીને મારીશું. ગોરાટ વિસ્તારની મહિલાઓની માંગ છે કે, હર્ષ મહેતાની ટિકિટ કેન્સલ જોઈએ. કોઈપણ સંજોગોમાં અમને હર્ષ મહેતા જોઈતો નથી. એ માફી માંગશે તો જ બાકી હું મારા એરીયામાં વોટિંગ પ્રક્રિયા કરવા દઈશ નહીં કહી તેવી ખુલ્લી ચેલેન્જ આપી હતી.

સુરતઃ મંગળવારે ગોરાટમાં ભાજપના વિવાદી ઉમેદવાર હર્ષ મહેતા અને મહિલાઓ વચ્ચે થયેલા ઘર્ષણમાં મોટી સંખ્યામાં મહિલાઓ ખુલ્લેઆમ બહાર આવી છે. ઉમેદવાર હર્ષ મહેતા અને તેના સમર્થકો દ્વારા કરાયેલી દાદાગીરી અને ધમકીને કારણે ભાજપને આ વિસ્તારમાં ભારે પડી ગયું છે. જે મહિલાઓ પર ઉમેદવાર હર્ષ મહેતા અને તેના સમર્થકો દ્વારા હુમલાઓ કરવામાં આવ્યા હતા તે મહિલાઓ દ્વારા મહિલા સુરક્ષા વિભાગ અને ચૂંટમી નિરીક્ષકને રજૂઆતો કરીને હર્ષની

...અનુસંધાન પાના 9 પર

આમ આદમી પાર્ટીના કથિત હવાલા કૌભાંડમાં આવકવેરા વિભાગની તપાસ

# સવા કરોડના ટ્રાન્ઝેક્શન મામલે આંગડિયા સંચાલકનું સ્ટેટમેન્ટ, દસ્તાવેજો કબજે

**કેટલાક** મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો પણ કબજે કરવામાં આવ્યા

**રૂપિયા** ક્યાંથી આવ્યા, કોણે મોકલ્યા અને કોણે સ્વીકાર્યા તે અંગેની વિગતવાર પૂછપરછ કરવામાં આવી

સુરતઃ સુરત અને દિલ્હી વચ્ચે છેલ્લા ચાર મહિનામાં આમ આદમી પાર્ટી સાથે કથિત સંલગ્ન ગણાતા રૂપિયા સવા કરોડના હવાલા હેરફેર મામલે પોલીસ તપાસ શરૂ થયાના ત્રણ દિવસ બાદ હવે આવકવેરા વિભાગ (IT) પણ સક્રિય બન્યો છે. વિભાગ દ્વારા સમગ્ર મામલાની વિગત મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

...અનુસંધાન પાના 9 પર

### પૂર્વ મંત્રીના PA દ્વારા રકમ સ્વીકારવાનો ખુલાસો

આ સમગ્ર હવાલા કૌભાંડમાં પૂર્વ મંત્રીના પીએ રહી ચૂકેલા આકાશ મિશ્રા દ્વારા રકમ સ્વીકારવામાં આવતી હોવાનો પણ ખુલાસો થયો છે. પોલીસ દ્વારા આંગડિયા પેઢીના સીસીટીવી ફૂટેજ પણ કબજે કરવામાં આવ્યા છે, જેના આધારે વધુ તપાસ આગળ વધારવામાં આવી રહી છે. પોલીસે સમગ્ર મામલે આવકવેરા વિભાગને માહિતી આપતા ITના ઇન્વેસ્ટિગેશન વિંગે પણ અલગથી તપાસ હાથ ધરી છે. અત્યાર સુધીમાં બે લોકોને સમન્સ મોકલવામાં આવ્યા છે, જ્યારે આંગડિયા પેઢીના સંચાલકનું સ્ટેટમેન્ટ નોંધવામાં આવ્યું છે. આગામી દિવસોમાં વધુ પૂછપરછ

...અનુસંધાન પાના 9 પર

### લિંબાયતમાં મહિલા સાથે અભદ્ર વર્તન કરનાર ત્રણ ભાઈ જેલમાં ધકેલાયા

સુરત : લિંબાયત વિસ્તારમાં માતેલા સાંઢની જેમ વર્તી એક મહિલા અને તેની દીકરી સાથે ગેરવર્તન કરનારા અસામાજિક તત્વોની પોલીસે ગણતરીના કલાકોમાં શાન ઠેકાણે લાવી દીધી છે. ઘરના દરવાજે લાતો મારી, જાનથી મારી નાખવાની ધમકી આપનાર ત્રણ સગા ભાઈઓની લિંબાયત પોલીસે ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, લિંબાયત નીલમનગર ખાતે રહેતા નીલમબેન યાદવના ઘરની બહાર ગત તા. ૧૯/૦૪/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે આરોપીઓએ હંગામો મચાવ્યો હતો. આરોપી ભાઈઓ રાજન, શિવશંકર ઉર્ફે સોનુ, અને પ્રદિપ ઉર્ફે ગોલુ (તમામ પુત્ર પપ્પુકુમાર

...અનુસંધાન પાના 9 પર


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**તૃતિય પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



**સ્વ. રમીલાબેન ઈશ્વરલાલ ચૌહાણ**

સ્વ. તા. ૨૩/૦૪/૨૦૨૩

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવુ એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવિત રહેવું એ જીવનમાં કરેલા કર્મની વાત છે, તમો અમારા હૃદયમાં સ્મૃતિ રૂપે હંમેશા જીવિત છો. પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.

ગં.સ્વ. પવિત્રાબેન ભરતભાઈ ચૌહાણ

ધીરજકુમાર ઈશ્વરલાલ ચૌહાણ, ઈન્દ્રવદન ઈશ્વરલાલ ચૌહાણ

રાજુભાઈ ઈશ્વરલાલ ચૌહાણ, હરીશભાઈ ઈશ્વરલાલ ચૌહાણ

કલાબેન વિજયકુમાર ચૌહાણ, જીજ્ઞેશભાઈ મહેશભાઈ અમીન

WHITEWINGS GROUP

નિવાસસ્થાન : ૧-૫, સિદ્ધિ બંગ્લોઝ, સુરત-ડુમસ રોડ, પીપલોદ, સુરત.